# વિવિધ અભિયાનોથી ધમધમતી કોલેજો

કોલેજ એટલે વળી કોલેજ ! કોઇ કોલેજમાં ભણવાનું ઓછું અને રખડવાનું વધારે તો વળી કોઇ કોલેજમાં એટલું તો ભણવાનું કે પાણી પીવાનો પણ ટાઇમ ન મળે. જેવો અભ્યાસક્રમ, જેવી કોલેજ અને કોલેજીયનના જેવા રસ-રુચિ. આમ છતાં આર્ટ્સ, કોમર્સ અને સાયન્સની કોલેજો માટેની સમાજમાં છાપ જોઇએ તેવી સારી નથી તે નક્કર વાસ્તવિકતા છે. હા ભણવા આવનાર વિદ્યાર્થી અને ભણાવવા આવનાર અધ્યાપક પોતપોતાનું કામ કરીને ઘેર જાય છે. તો બીજી બાજુ કોલેજના સમયે વર્ગખંડ જેટલી જ કે તેનાથી પણ કદાચ વધારે સંખ્યા કોલેજના કેમ્પસમાં કે બગીચામાં જોવા મળે છે. તેઓને પાછા વાળીને સાચો રસ્તો બતાવવાના પ્રયત્નો અત્યાર સુધી સરકાર, સમાજ કે કોલેજ દ્વારા કયારે થયા ? કેટલા થયા ? ત્યારે આશાનું એક એક કિરણ ઉચ્ચશિક્ષણ કમિશ્નરશ્રીના પ્રયત્નોમાં દેખાઇ રહ્યું છે. જે પ્રયત્નો કોલેજે વધાવવા જેવા અને સમાજે સહકાર આપવા જેવા છે. આવા કેટલાક પ્રયત્નોને અભિયાન તરીકે ઓળખી શકાય. અહીં તે અભિયાનો રજૂ કરવાથી સમાજને કોલેજ વિશેની છાપ બદલવાની ઇચ્છા થશે.

અત્યારે તા.૬-૯-૨૦૧૧ થી ૨૦-૯-૨૦૧૧ સુધી “ચાલો કેલેજ” નામનું ચાલી રહ્યું છે. જેમાં ગુજરાતના દરેક જિલ્લામાંથી નક્કી કરેલ અધ્યાપકો અને આચાર્યશ્રીઓ પોતાના કે અન્ય જિલ્લાની કોલેજોની મુલાકાત લેશે. જેના કારણે એકબીજાની કોલેજોમાં ચાલતી સારી બાબતોને જાણી-ઓળખીને પોતાની કોલેજમાં અપનાવશે, તો વળી પોતાની કોલેજમાં ચાલતી સારી બાબતેને જે તે કોલેજ સમક્ષ મૂકશે. અહીં લેવામાં આવતી મુલાકાત કોઇ ઇન્સ્પેક્શન નથી, પણ મિત્રતાભર્યા વાતાવરણમાં ગોઠવાતી અને થતી ચર્ચાઓ છે. આ મુલાકાત દરમિયાન યજમાન કોલેજના આચાર્યશ્રીએ પોતાની કોલેજના કામ-પ્રવૃત્તિ અંગેનું પ્રેઝન્ટેશન કરવાનું હોય છે. વિદ્યાર્થીઓ અને આવનાર મહેમાનો વચ્ચે પ્રશ્નોત્તરી પણ થાય છે, તો વળી વિવિધ અભિયાનો ચલાવવાનો સંકલ્પ વિદ્યાર્થીઓ લે છે.અધ્યાપકો પણ એકબીજાથી પરિચિત બને છે. જેનો ચેપ કોલેજના વિદ્યાર્થી સુધી પહોંચાડી શકાય. એક કોલેજના વિદ્યાર્થી અન્ય કોલેજમાં જાય તો !

કોલેજોમાં નિયમિત હાજરી અને સામૂહિક પ્રાર્થનાની કલ્પના જ થતી નથી. ત્યારે કમિશ્નરશ્રીના એક પરિપત્ર અને કોલેજોની નિષ્ઠાને કારણે આજે ઘણી કોલેજોમાં સામૂહિક સર્વધર્મ પ્રાર્થના થવા લાગી છે. જ્યાં વિદ્યાર્થીઓ પ્રાર્થના ઉપરાંત પોતાનો વિચાર રજૂ કરે છે, અગત્યના સમાચારનું વાંચન તાય છે, ગુજરાત રાજ્ય અંતર્ગત ક્વિઝ ગોઠવવામાં આવે છે. આમ કરતાં ઘેરથી કોલેજમાં પ્રવેશતાં જ પરાર્થના દ્વારા વિયર્થીઓમાં એકાગ્રતા આવે છે, દરેક વિદ્યાર્થી એકબીજાને ઝડપથી ઓળખતો થાય છે, વાતાવરણ પવિત્ર બને છે, સારાસાચા વિચારો આવે છે. કોલેજની અગત્યની જાહેરાતો તાય છે, ઉત્કૃષ્ટ કામ કરનારને જાહેરમામ સન્માનીને પ્રોત્સાહન આપી શકાય છે. વિદ્યાર્થી પણ સૂચનો અને પ્રતિભાવો આપે છે. કોલેજની આ પ્રાર્થનામાં વિદ્યાર્થીઓ ઉપરાંત કોલેજના તમામ સભ્યે હાજર રહેવાનું હોય છે.

એક બીજુ અભિયાન છે સપ્તધારાના નામે ચાલતું અભિયાન. જેમાં જ્ઞાનધારા, સર્જનાત્મક અભિવ્યક્તિધારા, રંગકલા કૌશલ્ય ધારા, ગીત સંગીત નૃત્ય ધારા, નાટ્યધારા, વ્યાયામ યોગ ખેલકૂદ ધારા અને સમૂદાય સેવા ધારા. આ ધારાઓ એટલે પ્રવૃત્તિઓનો સ્રોત. જેમાં ઉપર નામ પ્રમાણેની અનેકવિધ પ્રવૃત્તિઓ દરેક કોલેજે ફરજિયાત કરવાની જ છે. આમ તો યુથફેસ્ટિવલ દરમિયાન આવી પ્રવૃત્તિઓનું આયોજન કેટલીક કોજો કરતી હતી, પણ આ અભિયાન નીચે દરેક કોલેજે નિયમિત પણે દરરોજ ચોક્કસ સમય ફાળવીને વિવિધ પ્રવૃત્તિઓ કરીને જુદા જુદા વિદ્યાર્થીઓને જુદા જુદા ક્ષેત્રમાં વિકાસ સાધવાની તક આપવાની છે. અહીં એક કાસ વિશેષતા એ છે કે, કોલેજના દરેક વિદ્યાર્થીએ કોઇ એક ધારા પસંદ કરીને તે અંતર્ગત પ્રવૃત્તિ કરવાની છે. જેને ચોઇસ બેઝ ક્રેડિટ સિસ્ટમમાં વણી લીધેલ છે.

જેથી અભ્યાસમાં નબળા ગણાતા પણ કોઇ ચોક્કસ બાબતમાં સબળા ગણાતા વિદ્યાર્થીને વિકસવાની તક મળે.

ટેકનોલોજી અને તજજ્ઞોનો ઉપયોગ કરીને ચલાવાતું અભિયાન છે – સંધાન. ગુજરાતની તમામ કોલેજોને સેટેલાઇટ દ્વારા જોડતી કડી એટલે સંધાન. જેમાં ઉચ્ચશિક્ષણ એટલે કે કોલેજોના વિષયોને ધ્યાનમાં રાખી તજજ્ઞો દ્વારા નિયમિત પણે વ્યાખ્યાનો બાયસેગ-ગાંધીનગરથી પ્રસારિત કરવામાં આવે છે, આ ઉપરાંત કોઇ કોલેજે કરેલ સારી પ્રવૃત્તિ કે અન્ય સારી બાબતોનું પ્રસારણ પણ થાય છે. કમિશ્નરશ્રી પણ દર મહિને એકવાર કોલેજો સાથે સીધી વાતચીત કરીને સમસ્યા કે સૂચનો જાણે છે.

સૌ કોઇ પોતાના ઘરને અને ઘરની વસ્તુઓને જેમ સ્વચ્છ રાખે છે તેમ કોલેજ અને કોલેજમાં ઉપલબ્ધ સુવિધાઓ સ્વચ્છ રહે તે સામૂહિક જવાબદારી ગણીને ચલાવવામાં આવતું અભિયાન એટલે સાફસફાઇ અભિયાન. જેમાં સંસ્થાના આચાર્ય, અધ્યાપકો અને નોન ટિચિંગ સ્ટાફ  સાથે વિદ્યાર્થીઓ જોડાઇને સંસ્થાને સ્વચ્છ રાખશે. આ અભિયાન કોલેજમાં દર અઠવાડિયે એક વાર યોજવામાં આવે છે. પોતાને અને પોતાની વસ્તુઓને સાફસૂફ કરવામાં શરમ અને નાનપ નથી હોતી, તેવો જ ભાવ કોલેજ માટે પણ પેદા કરવાનો છે.

અન્ય એક અભિયાન એટલે ઉડિસા. જેને સરળ ભાષામાં કહેવું હોય તો જોબ પ્લેસમેન્ટ. જેનો હેતુ શિક્ષિત યુવાનોને રોજગારીની યોગ્ય તકો મળે. આ માટે દરેક કોલેજોમાં ઉડિસાના નામથી એક ક્લબ સ્થાપવામાં આવે છે. જેથી કોલેજ કરતો વિદ્યાર્થી પોતાનો અભ્યાસ પૂર્ણ કરીને કોલેજ બહાર નીકળે તે પૂર્વે તેને રોજગારપક્ષી તૈયારી અને માહિતી આપવામાં આવે છે. આ માટે રોજગાર મેળાનું અને કેમ્પ્સ ઇન્ટરવ્યુનું પણ આયોજન કેટલીક કોલેજો કરવા લાગી છે. ધીમે ધીમે સમય જતાં ઔધોગિકગૃહો કે વ્યાવસાયિક કંપનીઓ પણ કોલેજોમાં સામે પગલે આવતી થશે.

આ ઉપરાંત કેન્દ્ર સરકાર દ્વારા દરેક કોલેજનું મૂલ્યાંકન નેકની ટીમ દ્વારા પાંચ વર્ષે એકવાર કરવામાં આવે છે. ત્યારે ગુજરાતમાં જ દર વર્ષે દરેક કોલેજનું શૈક્ષણિક અને વહીવટી ઓડિટ થાય તે માટે“ટ્રીપલ એ” નામનું અભિયાન શરૂ કરવામાં આવેલું છે. જેનો ઉદ્દેશ ખૂબ જ સારું કામ કરતી કોલેજોને ઉચ્ચ ગ્રેડ આપી સન્માનવાનો છે, તો જેને હજુ સારું કામ કરીને ઉચ્ચ ગ્રેડ મેળવવાનો બાકી છે તેને માર્ગદર્શન આપી પ્રોત્સાહિત કરવાનો છે.

ઉપરોક્ત જેવા અન્ય અભિયાનોમાં સ્કોપ, વાંચે ગુજરાત પણ ચાલે જ છે. સાથે કેન્દ્ર સરકાર દ્વારા દરેક કોલેજો પાસેથી વિવિધ પ્રકારની માહિતી મેળવવાનું અભિયાન ચાલુ છે, જે અંતર્ગત દરેક કોલેજો પાસેથી વિવિધ માહિતી મેળવી કેન્દ્ર સરકારને પૂરી પાડવામાં આવશે.

આમ ઉપરોક્ત જેવા વિવિધ અભિયાનો દ્વારા વિદ્યાર્થીમાં વિવિધ કૌશલ્યો ખિલવવાના છે. યુવાનને ભવિષ્યની દિશા બતાવવાની છે, ભવિષ્યના અજ્ઞાત પડકારોને પહોંચી વળવા તેને સશક્ત બનાવવાનો છે. શિક્ષણ અને સંસ્કૃતિના મૂલ્યોનું સંવર્ધન કરવાનું છે. આ કામ માત્ર સરકાર કે માત્ર કોલેજ કે માત્ર વિદ્યાર્થી નહીં કરી શકે. સૌએ સાથે મળીને નિષ્ઠા અને ધીરજ રાખીને કામ કરવું પડશે.જે સમાજના સહકાર વગર અધૂરું રહેશે. સૌ વાલીએ પણ પોતાની ફરજ નક્કી કરીને બજાવવાની છે.

**dr.ashokpatel@in.com**